# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

"પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી-I
(Teacher Eligibility Test- TET-I) "

જાહેરનામું :: ૨૦૧૪

ક્રમાંક : રાપબો/ TET-I /૨૦૧૪/૨૫૪૬ થી ૨૬૫૨ ,તા.૨૪/૦૬/૨૦૧૪

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના, સચિવાલય ગાંધીનગર ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,તા.૨૭-૪-૨૦૧૧ અને તા.૧૪-૭-૨૦૧૧ અને તા.૩-૫-૨૦૧૨ ના સરખા ઠરાવ ક્રમાં:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,થી જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષકની ભરતી માટેના ધારા-ધોરણો નિયત કરેલ છે અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,તા.૨૭-૪-૨૦૧૧ મુજબ રાજ્યમાં આવેલ કોઇ પણ પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક વિદ્યાસહાયક થવા માટે પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી-I (ધોરણ ૧ થી ૫) તથા પ્રાથમિક શિક્ષક યોગ્તા કસોટી/પરીક્ષા-II (ધોરણ ૬ થી ૮) રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા લેવા માટે જણાવવામાં આવેલ છે.

તદ્દનુસાર પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયક/શિક્ષક (ધોરણ ૧ થી ૫) ની ભરતી માટે એચ.એસ.સી. અને પી.ટી.સી (ડી.એલ.એડ.)ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટેની પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી-I (Teacher Eeligibility Test – I) રાજ્ય પરીક્ષા બોર્ડ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા ઓગષ્ટ-2014 માં લેવા માટેનું આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે. પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી-I (Teacher Eeligibility Test – I) માટેનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.સદર કસોટી/પરીક્ષાના સૂચારૂં સંચાલન માટે નીચે જણાવેલ વિગતો અને કાર્યક્રમ મુજબ અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાય/શિક્ષક (ધોરણ ૧ થી ૫) ભરતી માટેની પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી) Teacher Eligibilty Test TET-I) ઓગષ્ટ ૨૦૧૪ માં રાજ્ય પરીક્ષા બોર્ડના આયોજન અને અમલીકરણ હેઠળ જિલ્લા મથકે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના સંચાલન હેઠળ લેવામાં આવશે.

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યા તારીખ | તા.૨૪/૦૬/૨૦૧૪ |
| ૨ | વર્તમાન પત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિધ્ધ થવાની તારીખ | તા.૨૫/૦૬/૨૦૧૪ |
| ૩ | Ojas ની વેબસાઇટ પર ઉમેદવારો માટે TET-I નું રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઇન ભરવાનો સમયગાળો | તા.૨૭/૦૬/૨૦૧૪ બપોરના ૧૪.૦૦ થી તા.૭/૦૭/૨૦૧૪ બપોરના ૧૫.૦૦ કલાક સુધી |
| ૪ | પોસ્ટ ઓફીસ ખાતે ફી સ્વીકારવાનો સમયગાળો | તા.૨૭/૦૬/૨૦૧૪ બપોરના ૧૪.૦૦ થી તા.૮/૦૭/૨૦૧૪ બપોરના ૧૫.૦૦ કલાક સુધી (રજાના દિવસો સિવાય) |
| ૫ | કસોટીની તારીખ અને સમય | તા.૩/૦૮/૨૦૧૪ સવારના : ૧૧.૦૦ થી ૧૨.૩૦ |

# TET-I કસોટી સંબંધી જરૂરી અગત્યની માહિતી અને માર્ગદર્શક સુચનાઓ

## વિભાગ – I

### 1. ઓનલાઇન ફોર્મ ભરતાં પહેલાં:-

ઓનલાઇન ફોર્મ ભરવા માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબસાઇટ પર તા..૨૭/૦૬/૨૦૧૪ બપોરના ૧૪.૦૦ થી તા.૭/૦૭/૨૦૧૪ (સમય બપોરના ૧૫.૦૦ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે પોતાનો તાજેતરનો photograph(10 kb) અને Signature(10 kb) સાઇઝથી વધારે નહી તે રીતે jpg format માં scan કરી કમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે. જે ઓનલાઇન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે નિયત કરેલ ફોર્મ ઓનલાઇન ભરવા માટેની સુચનાઓ નીચે મુજબની છે.

### ૧.૧ આવશ્યક લાયકાત :-

"પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી (TET-I) " આપવા માટેની આવશ્યક શૈક્ષણિક અને તાલીમી લાયકાત શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગરના તા. ૨૭–૪–૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ –૧૧૧૦ –૨૨૩–ક, અને તા.૨૪-૭-૨૦૧૧ અને ૧૪-૭-૨૦૧૧ અને તા. ૦૩ – ૫ -૨૦૧૨ના સરખા ક્રમાંકના સુધારા ઠરાવ ક્રમાંક : પીઆરઇ – ૧૧૧૦ – ૨૨૩ – ક માં દર્શાવ્યા પ્રમાણેની રહેશે.

- **H.S.C અને P.T.C (D.El.Ed)**

### ૧.૨ પરીક્ષા ફી :-

SC, ST, SEBC & PH કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 250/-(બસો પચાસ પુરા), જ્યારે જનરલ કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી 350/-(ત્રણસો પચાસ પુરા).

### ૧.3 ફી સ્વીકાર કેન્દ્ર :-

ફી સ્વીકાર કેન્દ્ર તરીકે ગુજરાતની કમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઑફીસો કામગીરી બજાવશે. ગુજરાતની કમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઑફીસની યાદી રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ (http://gujarat-education.gov.in/seb/) પર દર્શાવેલ છે.

### ૧.૪ કસોટી કેન્દ્ર :-

* ગુજરાતી માધ્યમની પરીક્ષા ૩૩ જિલ્લા મથકે.
* અંગ્રેજી અને હિન્દી માધ્યમ માટે અમદાવાદ, રાજકોટ, વડોદરા, અને સુરત.

- ઓનલાઇન ફોર્મ સબમીટ કર્યા બાદ તે ફોર્મ ડાઉનલોડ કરી નીચે મુજબના જરૂરી આધારો જેવા કે : જાતિ અંગેના અને શારીરિક અપંગતા અંગેના અસલ પ્રમાણપત્ર સ્વીકાર કેન્દ્ર(પોસ્ટ ઑફીસ) પર બતાવવાના રહેશે.
  - સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજ્ય સરકારે નક્કી કરેલા સક્ષમ અધિકારીનુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર. તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે ચાલુ નાણાકીય વર્ષનું ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) સક્ષમ અધિકારીશ્રીનું તા.૦૧/૦૪/૨૦૧૪ કે તે પછી ઇશ્યુ થયેલ પ્રમાણપત્ર.
  - અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિના કિસ્સામાં સક્ષમ અધિકારીશ્રીનું જાતિ પ્રમાણપત્ર.
  - શારિરીક અપંગતા (Physically Handicap) ના કિસ્સામાં રાજ્ય સરકારે નક્કી કરેલ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર.

## 2. ઓનલાઇન અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૨૭/૦૬/૨૦૧૪ બપોરના ૧૪.૦૦ થી તા.૭/૦૭/૨૦૧૪ (સમય બપોરના ૧૫.૦૦ કલાક સુધી) દરમ્યાન http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. Confirmation number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ http://ojas.guj.nic.in પર જવું.
- 'Apply online ' ઉપર Click કરવું.
- Apply for TET-I પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી ઉપર Click કરવું. જેમાં ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને હિન્દી માધ્યમ પૈકી ઉમેદવાર જે માધ્યમમાં કસોટી આપવા ઇચ્છતા હોય તે માધ્યમ પસંદ કરી ફોર્મ ભરવું.
- તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે Application Format માં સૌપ્રથમ Personal Details ઉમેદવારે ભરવી(અહીં લાલ(*)ફુંદડીની નિશાની જ્યાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર Click કરવું.
- તેની નીચે self Declaration માં Yes/No પર Click કરવું.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ OK પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.(ફોટાનું માપ 5.0 સે.મી. ઉંચાઇ અને 3.6 સે.મી. પહોળાઇ અને Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઇ અને 7.5 સે.મી. પહોળાઇ રાખવી. ) Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- Payment ઉપર ક્લિક કરીને અરજી નંબર અને જન્મ તારીખ નાંખીને ભારતીય પોસ્ટ ઓફીસની પે સ્લીપ (ચલણ) ડાઉનલોડ કરવું. આ પે સ્લીપથી પરીક્ષા ફી ના 350/- અથવા 250/- ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસમાં ભરવાના રહેશે. ઉપરાંત ભારતીય પોસ્ટ ઑફીસ દ્વારા પરીક્ષા ફી પેટેના સર્વિસ ચાર્જ સહિત ના રૂ|.12/- નો ચાર્જ ઉમેદવારે ભોગવવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Confirm Application પર click કરો. અને Application Number તથા Birth Date Type કર્યા બાદ OK પર Click કરવાથી બે (2) બટન 1 : Application Preview 2. Confirm Application દેખાશે.ઉમેદવારે show Application Preview પર Click કરી પોતાની અરજી જોઇ લેવી.
- અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવું.
- **અરજી ફોર્મ જાતે જ ચોકસાઇ પૂર્વક Oline ભરવાનું રહેશે. નામ, અટક,જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**
- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થઇ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirm Number સિવાય કોઇપણ પત્ર વ્યવહાર કે પરીક્ષાને લગતી કોઇપણ કાર્યવાહી કરી શકાશે નહી.
- Print Indian Post Office Chalan ઉપર Click કરીને ભારતીય પોસ્ટ ઓફીસના ચલણની પ્રીન્ટ કાઢવી.

- પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી રહેશે. ગુજરાતી માધ્યમમાં પી.ટી.સી થયેલ ઉમેદવારો ગુજરાતી ભાષાનું પ્રશ્નપત્ર પસંદ કરવાનું રહેશે. એ જ રીતે અંગ્રેજી અને હિન્દી ભાષામાં પી.ટી.સી થનારે પોતાના પ્રશ્નપત્રનું માધ્યમ અંગ્રેજી અને હિન્દી રાખવાનું રહેશે. બાકીના ઉમેદવારોએ ત્રણ પૈકી કોઇપણ માધ્યમનું પ્રશ્નપત્ર માટે પસંદગી દર્શાવવાની રહેશે.
- **ગુજરાતી માધ્યમની પરીક્ષા જે તે જિલ્લા મથકે લેવાશે.**
- **અંગ્રેજી અને હિન્દી માધ્યમના પ્રશ્નપત્રનો** વિકલ્પ આપતા ઉમેદવારે **અમદાવાદ , રાજકોટ, વડોદરા અને સુરત કેન્દ્રમાંથી જ** પરીક્ષા કેન્દ્ર પસંદ કરવાનું રહેશે.

## 3. પરીક્ષા ફી :-

- SC, ST, SEBC & PH કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 250/-(બસો પચાસ પુરા), જ્યારે જનરલ કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી 350/-(ત્રણસો પચાસ પુરા).ભરવાની રહેશે. પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે ભારતીય પોસ્ટ ઑફીસની પે સ્લીપ ડાઉનલોડ કરી , આ પે સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે. તે સાથે રૂ|. 12/- સર્વિસચાર્જ પેટે ચૂકવવાના રહેશે.
- પે સ્લીપની ત્રણેય નકલ પર ભારતીય પોસ્ટ ઑફીસ સિક્કો અને તારીખ નાખી આપશે. જેમાંની બે સ્લીપ ઉમેદવારને પરત આપવામાં આવશે.જે પૈકી બોર્ડની કોપી પરીક્ષા ખંડમાં ઉમેદવારે સુપરવાઇઝરને સોંપવાની રહેશે.

## 4. માર્ગદર્શક સુચનાઓ :-

- આ કસોટીમાં જનરલ કેટેગરી માટે ઓછામાં ઓછા 60%(૯૦ ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે. જ્યારે અનુસૂચિત જાતિ , અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને શારીરિક અપંગતા Physically Handicap)ના કિસ્સામાં 55% (82 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
- ઉમેદવારે વેબસાઇટ પર મૂકવામાં આવેલ રજીસ્ટ્રેશન ફોર્મ Download કરીને Online Submission (With scanning of colour photograph) કરવાનું રહેશે. વળી પ્રિન્ટ સ્વરૂપે વેબસાઇટ પરથી મેળવેલ ફોર્મમાં સહી કરીને જરૂરી આધારો જેવા કે, સ્વપ્રમાણિત જાતિ અંગેનો દાખલો(જે ઉમેદવારોને લાગુ પડતુ હોય તે કિસ્સામાં), શારીરિક અપંગતા (Physically Handicap)નું પ્રમાણપત્ર, પરીક્ષા ફીના નાણા ભારતીય પોસ્ટ ઑફીસમાં પે સ્લીપથી ભરી હોય તેની નકલ સાથે પોતાની પાસે રાખવાનું રહેશે. જ્યારે પણ કોઇ જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે રજુ કરવાનું ફરજિયાત રહેશે. જેના વિના કોઇ રજુઆત ગ્રાહ્ય રહેશે નહી.
- **ઉમેદવારે online** ભરેલ ફોર્મની **પ્રિન્ટ પોતાની પાસે** સાચવી રાખવાની રહેશે. **કોઇપણ પ્રમાણપત્રોની નકલ સ્વિકાર કેન્દ્ર ઉપર આપવાની રહેતી નથી. ઉમેદવારે** પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું **પ્રમાણપત્ર online** આપવાનું **રહેતુ હોઇ જો કોઇ ખોટી** વિગત **રજુ કરશે તો તેનું ફોર્મ** રદ **થવા પાત્ર બનશે. તથા તેની સામે ફોજદારી ગુનો પણ લાગુ પાડવામાં આવશે.**
- ફોટાની નીચે ઉમેદવારની સહી સ્કેનીંગ થયેલી હશે, તેની નીચેના ખાનામાં ફિઝિકલી ફોર્મ સબમીટ કરતી વખતે ઉમેદવારે પુન: સહી કરવી.
- જે ઉમેદવારે નિયત પરીક્ષા ફીની પે સ્લીપની રસીદમેળવેલ હશે તે અરજદારો પોતાની કમ્પ્યુટરાઇઝ હોલટિકિટ આ જ વેબસાઇટ પરથી પોતાનો Confirmation Number અને જન્મતારીખ નાખવાથી ડાઉનલોડ કરી શકાશે. તે અંગેની તારીખ વર્તમાનપત્રો અને વેબસાઇટ પર જણાવવામાં આવશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઇટ પર જોતા રહેવું આવશ્યક છે.
- જે ઉમેદવારે ખોટી માહિતી આપી હશે તેવા ઉમેદવાર મેરીટમાં આવ્યા હશે તો પણ અયોગ્ય ગણાશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઇ રહેલ "પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી ( TET-I) " બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઇપણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારોને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
- ઉમેદવારે, જે જિલ્લામાંથી કસોટી આપવા માંગતા હોય તે જિલ્લાનું પરીક્ષા કેન્દ્ર ઓનલાઇન ફોર્મ સબમીટ કરતી વખતે દર્શાવવાનું રહેશે.

- ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. તે જ રીતે પરીક્ષા વખતે આપવામાં આવનાર અને હોલ ટિકિટ વેબસાઇટ પર નમુનારૂપે મૂકવામાં આવેલ OMR શીટ પર છાપેલ તમામ સુચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઇ ગુંચવણ ઉભી ન થાય.
- ઉક્ત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન બોર્ડની કચેરીના ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર 1800 – 233 – 7963 ઉપર સંપર્ક કરી શકાશે.
- આ કસોટી શિક્ષકની નોકરી મેળવવા માટે જરૂરી લાયકાત માટેની છે, તેનાથી શિક્ષક તરીકે પસંદગી પામવાનો હક મળતો નથી.

# વિભાગ – II

## 1. શૈક્ષણિક અને તાલીમી લાયકાતની વિગતો:

પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી (Teacher Eligibility Test –TET –I) આપવા માટેની આવશ્યક શૈક્ષણિક અને તાલીમી લાયકાત ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના,સચિવાલય ગાંધીનગર ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,તા.૨૭-૪-૨૦૧૧ અને તા.૧૪-૭-૨૦૧૧ અને તા.૩-૫-૨૦૧૨ના સરખા ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક માં દર્શાવ્યા પ્રમાણે રહેશે.

| | | |
|---|---|---|
| 1 | કસોટીનું નામ | **પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી (Teacher Eligibility Test – TET – I )** |
| 2 | પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી" (Teacher Eligibility Test – TET-I) | **(A) H.S.C**<br>**(B) PTC ( D.El.Ed )** |

## 2. કોર્સ ડિઝાઇન અને કસોટી લેવાની પધ્ધતિ:

પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી (Teacher Eligibility Test – TET –I) આપવા માટેની ડિઝાઇન શૈક્ષણિક લાયકાત શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગર ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,તા.૨૭-૪-૨૦૧૧ અને તા.૧૪-૭-૨૦૧૧ અને તા.૩-૫-૨૦૧૨ના સરખા ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક, તા.૬-૦૬-૨૦૧૩ માં દર્શાવ્યા પ્રમાણે રહેશે.

**આ કસોટી O.M.R.પધ્ધતિથી લેવામાં આવશે.**

- Total 150 MCQs (Both Sections): 150 Marks (Duration :90 minutes)]
- MCQ= Multiple Choice Questions (બહુવિકલ્પ પસંદગી કસોટી)
- Only one OMR Sheet for the answer of 150 Questions.
- Each MCQ is of One Mark. No Negative Marking System.

સ્થળ ગાંધીનગર :
તારીખ:૨૪/૬/૨૦૧૪

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય જાણ તથા અમલ સારૂ :-

- એસ.આઇ.ઓ.શ્રી, એન.આઇ.સી., ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – તમામ.

નકલ રવાના જાણ સારૂ :-

- માનનીય શિક્ષણમંત્રીશ્રીના – અંગત સચિવશ્રી – શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માનનીય રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના - અંગત સચિવશ્રી – શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ ,નવા સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ , ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી - તમામ.